# મૈત્રીભાવનું પવિત્ર ઝરણું

(મુનિ શ્રી ચિત્રભાનુ)

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે;
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે ૦ટેક

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે;
એ સંતોના ચરણ કમળમાં, મુજ જીવનનું અર્ઘ્ય રહે ૦૧

દીન ક્રૂર ન ધર્મવિહોણા, દેખી દિલમાં દર્દ રહે;
કરુણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે ૦૨

માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું;
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરું ૦૩

ચિત્રભાનુની ધર્મ ભાવના, હૈયે સૌ માનવ લાવે;
વેર ઝેરના ભાવ તજીને, મંગળ ગીતોને ગાવે ૦૪

ભક્તિમિત્ર • bhaktimitra.in